

## હે પ્રભુપરમ !

સમગ્ર વિશ્વનું સંચાલન કરે
સમગ્ર બ્રહ્માંડનું પાલન તું કરે
તારા આ સૌ આતમને તું પ્રેમ કરે
તે સર્વને અધ્યાત્મપાન કરાવી ઉપર ઉઠાવે
તે સર્વ આત્માની અખંડ રક્ષા કરે
તે સૌ તારા જ્ઞાનને જીવન બનાવી લે
તે માટે તારા પ્રત્યક્ષ સ્વરૂપનો યોગ આપે
તેવાં દિવ્ય સ્વરૂપોમાં આત્મબુદ્ધિ ને પ્રીતિ કરાવે
તે સ્વરૂપોની પ્રાર્થનાના બળે સૌ આગળ વધે
તે સૌ સ્વરૂપોના સંકલ્પે સૌના આતમ પ્રકાશિત રહે
આ દિવ્ય દર્શન કરી ધન્ય ધન્યતા અનુભવાય છે.

આપે અમ સૌ આતમને સ્વીકાર્યા આપના કીધા
સાહેબજીના આશ્રયે સાધના કરાવી રહ્યા છો
સાહેબજી આ બ્રહ્માંડમાં અમ સૌ માટે પધાર્યા છે
અમ સૌને ગુણાતીત જ્ઞાન વર્તને રહે તે શીખવે છે
જ્ઞાન જીવન બને તે માટે અમારું જતન કરે છે
એકતા સુહૃદભાવ પ્રેમલભાવ ને સેવકભાવ
નમ્રતા વિવેક વાત્સલ્ય ને દાસત્વભાવ
આ મૂલ્યોને પ્રતિપળ જીવતા રહીએ...
પ્રભુનો કર્તાહર્તાભાવ સ્વીકારીએ
યોગીબાપાને ગમતાં સંબંધી સાથે સુહૃદભાવે વર્તીએ
સેવા કરતા રહી નમતા રહીએ અને



# સાધુહૃદયની પ્રાર્થનાગંગા

'સ્વ'રહિત બની સંબંધીની પાસે રાંકભાવે જીવીએ
તે જ્ઞાન પ્રતિપળ આત્મસાત્ કરાવે છે
સેવા કરાવે ભજન કરાવે કર્મ કરાવે...
તે સર્વના ફળરૂપે અમને જ્ઞાન જીવન બનાવવા બળ દે
આવા સંતભગવંત સાહેબજી અમારો પ્રાણ
અમારે શ્વાસે એ ધબકે, વર્તને એ સાક્ષી રહે
તે રહ્યા તે અમ સાથે યોગી રહ્યા શ્રીજી ને સ્વામી રહ્યા
તે માહાત્મ્યનો સાક્ષાત્કાર કરી આનંદીએ
આ બ્રહ્મનો આનંદ માણીએ ને પ્રસારીએ
આસપાસ વિહરતાં સૌને તેવાં સહજાનંદરૂપ માનીએ
તે સૌને વંદન કરતા રહીએ.. સેવા કરતા રહીએ
તેવા દિવ્ય જીવનની સાર્થકતા માણતા રહીએ.

અનંત જન્મોથી ચાલતી આ સાધના આનંદમાં પરિણમી
વર્ષો વીતતાં ગયાં... સ્વ ઓગળતા ગયા
આપ અંતરે બિરાજતા ગયા ને સહજાનંદી બનતા રહ્યા
૨૦૭૩નું વર્ષ પણ વીત્યું... અહોહો... આનંદે વીત્યું
ઉત્સવોમાં સેવા કરી, પ્રાપ્તિના અહોભાવે વીત્યું
ભક્તોમાં રસબસ થઈ સ્વ ઓગાળતું વીત્યું
કાકાજી પપ્પાજી શતાબ્દી ઊજવતું વીત્યું
યોગીજી સવા શતાબ્દી માહાત્મ્ય ચિંતવતું વીત્યું
અમદાવાદ શ્રી નગરે શ્રી ધામ ધામી મુક્ત બિરાજ્યા
તેના મહોત્સવના આકારે બની રહીને વીત્યું.
દીપાવલીનાં પર્વોમાં અહોભાવ ધર્યો
ધનપૂજામાં આપે વિરક્ત કર્યા તે અહોભાવ કર્યો
આપમાં જ આસક્ત કરો તે પ્રાર્થના કરી
શારદાપૂજનમાં સરસ્વતી દેવીનો ઉપકાર માન્યો
માહાત્મ્યમાં રહેવા ને આપના ગુણ ગાવા બળ માગ્યાં
આપના જ્ઞાનને જીવી આપને રાજી કરવા પ્રાર્થના કરી
નૂતનવર્ષ ૨૦૭૪ને અહોભાવે આવકાર્યું
વર્ષ સમસ્તની પ્રતિપળ આપને પ્રસન્ન કરવા
આપના પ્રગટ પ્રત્યક્ષ સ્વરૂપ સાહેબજીના અભિપ્રાયમાં
જીવતા રહીશું ને 'સહજાનંદી' છીએ તે દૃઢ કરીશું.
આપનાં અમો આ સંકલ્પ સાથે આવતા વર્ષને
જીવતા રહી ધન્યતા માણતાં આનંદ કરતાં રહીશું. ◆

લાભપંચમી... ૨૦૭૪